

# ધાનેરામાં ભારે ઉકળાટ બાદ મેઘરાજાનું આગમન થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી

છેલ્લા બે દિવસથી વાતાવરણમાં ભારે ઉકળાટ આવતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા અને ભારે ગરમીને લઈ લોકો ગરમીથી બચવા માટે અવનવા નુસખા અપનાવ્યા હતા ત્યારે આજે બપોરના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ગાજવીજ સાથે મેઘરાજાનું આગમન થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે બપોરે ૧ ર વાગ્યાના સમયે અચાનક આકાશ કાળા ડીબાંગ વાદળોથી ઘેરાયું હતું અને તે બાદ વરસાદ તુટી પડતાં ધાનેરાના જાહેર રસ્તાઓ પર પાણી ભરાયા હતા તો બીજી તરફ વરસાદી પાણીમાં બાળકોએ રમી ગરમીથી રાહત અનુભવી હતી અને વરસાદી ભરાયેલા પાણીમાં બાળકો રમતા અને ગરમીથી હાશકારો અનુભવતા કેમેરામાં કેદ થયા છે.



## પાલનપુરમાં એબીવીપી દ્વારા ચાઇના સામે વિરોધ પ્રદર્શન

ભારત ચીનની સરહદ પર શહીદ થયેલા જવાનોને પાલનપુર ખાતે એબીવીપી દ્વારા શ્રદ્ધાંજલિ અપાઈ હતી. અને ચીનના પૂતળાદહન કરાયું હતું. જ્યારે ચીનની વસ્તુઓનો બહિષ્કાર કરવાની એબીવીપીએ અપીલ કરી હતી. ભારત-ચીનની સરહદ પર ચીન દ્વારા થયેલા હુમલામાં ભારતના ૨૦ સૈનિકો શહીદ થયા હતા. જેના પગલે દેશભરમાં ચીન સામે રોષ ભભૂકી ઉઠ્યો છે.ત્યારે નાસકાંઠાના પાલનપુર માં એબીવીપી દ્વારા ચીનનું પૂતળાદહન કરાયું હતું. અને શહીદ ભારતીય જવાનોને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. ચીનની નાપાક હરકતોનો જડબાતોડ જવાબ આપવા માટે એબીવીપીએ ચીનની વસ્તુઓનો બહિષ્કાર કરવાની અપીલ કરી હતી.

# પ્રાંતિજમાં વધુ ત્રણ કોરોના પોઝીટીવ કેસ

### જિલ્લામાં કોરોના પોઝીટીવ આંક ૧૭૪ને પાર વધુ ત્રણ કેસો નોધાતા આરોગ્યતંત્ર દોડતુ થયું

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના વધતા જતાં કેસોને લઈને આરોગ્યતંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં બીજા દિવસે પણ ત્રણ કોરોના પોઝીટીવ કેસો નોધાયા તંત્ર દોડતુ થયું હતું. પ્રાંતિજ ખાતે કોરોનાનું ગ્રહણ લાગ્યું હોય તેમ પ્રાંતિજમાં બે દિવસથી સતત કોરોનાના કેસોમાં વધારો થતો જાય છે અને તે ચિંતાજનક બાબત છે. જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકામાં એકદમ વધતાં જતા કોરોનાના કેસો હાલ તો સ્થાનિક સહિત જિલ્લા આરોગ્યતંત્રની ઉંઘ હમરા થઈ ગઈ છે. અચાનક કેસો વધતા આરોગ્ય વિભાગ દોડતુ થયું છે. પ્રાંતિજ શાન્તીનાથ સોસાયટીમાં રહેતા ૬૧ વર્ષીય પુરૂષ સુરેશભાઈ ઉમેદભાઈ મિસ્ત્રી તથા સ્વામિનારાયણ સોસાયટીમાં રહેતા ૫૫ વર્ષીય પુરૂષ હસમુખભાઈ કેશવલાલ રાઠોડ તથા વ્હોરવાડ ખાતે રહેતા ૭૦ વર્ષીય વૃધ્ધ અફઝલ હુસેન અદુલ રહેમાન ત્રણેય રીપોર્ટ કોરોના પોઝીટીવ આવતાં લોકોમાં ભય પણ ફેલાયો છે. તેમને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૭૪ કોરોના કેસો નોધાયા છે અને જિલ્લામાંથી ૧૧૩ જણાને સાજા થતા રજા આપવામાં આવી છે. કોરોનાને લઈને અત્યાર સુધી આઠ લોકોના મોત નિપજ્યા છે.

# મોડાસામાં કોરોનાનો કહેર યથાવત

### જૈનબ પાર્કની મહિલાને કોરોના ભરખી ગયો, શહેરમાં વધુ ત્રણ લોકો કોરોનાગ્રસ્ત, જિલ્લાનો આંક ૨૧૯ પર પહોંચ્યો

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લામાં કોરોનાના દિન-પ્રતિદિન કેસમાં વધારો થઈ રહ્યો છે. જીલ્લામાં સૌથી વધુ મોડાસા શહેરના લોકો કોરોનાગ્રસ્ત બની રહ્યા છે, મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સમિશનની અસર જોવા મળી રહી છે, જીલ્લા આરોગ્ય તંત્ર કોરોના સામે હથિયાર હેઠા મૂકી દીધા હોય તેમ મોડાસા શહેરમાં બેકાબુ બની રહેલા કોરોનાને નાથવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યું હોય તેવું નગરજનો અહેસાસ અનુભવી રહ્યા છે. કાળમુખો કોરોના મોડાસાના ધનસુરા રોડ પર આવેલી જૈનબ પાર્કમાં રહેતી મહિલાને ભરખી જતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. મહિલાનું હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતા નગરજનોમાં ચાલતી ચર્ચા હિંમતનગર સિવિલમાં લઈ જતા કોરોનાગ્રસ્ત દર્દી પાછા આવતા ન હોવાની વાતને વધુ એકવાર વેગ મળ્યો છે. જીલ્લામાં કોરોનાનું હોટસ્પોટ બનેલા મોડાસા શહેરમાં જે રીતે મૃત્યુ આંક વધી રહ્યો છે તે જોતા શહેર જાણે ડેથસ્પોટ તરફ સરકી રહ્યું હોય તેવો અહેસાસ લોકોને થતા ફફડી ઉઠ્યા છે.

રવિવારે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલ ગોપી વલ્લભ ફ્લેટમાં રહેતો ૪૦ વર્ષીય યુવક, સુથારવાડામાં રહેતા ૬૩ વર્ષીય વૃદ્ધા, ન્યુ લક્ષ્મી સોસાયટીમાં રહેતા ૫૩ વર્ષીય આધેડ અને મેઘરજ ૫૧ વર્ષીય આધેડનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતાં મોડાસા શહેરમાં ત્રણ અને મેઘરજમાં વધુ એક કોરોના પોઝેટીવ દર્દી મળી આવતા જિલ્લામાં કોરોનાનો આંક ૨૧૯ પર પહોંચ્યો છે. આરોગ્યતંત્ર અને વહીવટીતંત્રએ રાબેતા મુજબ કોરોનાગ્રસ્ત દર્દી મળી આવેલ વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરવા અને સર્વેની કામગીરી હાથ ધરી હતી. મોડાસા શહેરમાં કોરોના બેકાબુ બનતા શહેરીજનોમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે.

અનલોક-૧માં વેપાર-ધંધાની છુટછાટ સાથે સમગ્ર અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ વધતા દિવસેને દિવસે જિલ્લામાં કોરોના વાયરસનો પ્રકોપ વધી રહ્યો છે. જીલ્લામાં દરરોજ ચાર જેટલા કોરોનાના પોઝેટીવ દર્દીઓ નોંધાતા આરોગ્યતંત્ર સહિત વહીવટીતંત્રમાં હડકંપ મચી જવા પામ્યો હતો. તેમાંય જિલ્લાના વડા મથક મોડાસા ખાતે છેલ્લા ત્રણ દિવસમાં કોરોનાથી ૩ લોકોનો મોત નિપજતા અને કોરોનાગ્રસ્ત દર્દીના જાણે-અજાણે સંપર્કમાં આવેલ લોકો કોરોનામાં સપડાતાં શહેરમાં ભારે ખળભળાટી મચી જવા પામી છે.




### પ્રશાસનતંત્ર સબસલામતના દિવ્ય સ્વપનાઓમાં રાચી રહ્યું છે..!!

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં કોરોના પોઝિટિવની સંખ્યા દિવસે ને દિવસે વધી રહી છે. જેમાં સૌથી વધુ ગંભીર સ્થિતિ મોડાસા શહેરની છે જેમાં કોરોનાગ્રસ્ત બનેલ દર્દીઓનો મૃત્યુ આંક સતત વધી રહ્યો છે. ત્યારે તંત્ર પણ સબ સલામતની વાત કરી રહ્યું છે, તંત્ર દ્વારા કડકાઈથી અમલ કરવામાં નહીં આવે તો આવનારા સમયમાં કોરોના પોઝિટિવના આંકડામાં વધારો થાય તો નવાઈ નહી. ત્યારે જિલ્લા વહીવટીતંત્ર હવે કડક વલણ અપનાવવાની જરૂર જણાય છે.

### મોડાસા શહેરને કોરોનાથી બચાવવું હોય તો લોકોએ સ્વયંમ સતર્ક બનવું પડશે

મોડાસા શહેરમાં જે રીતે કોરોના વાયરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે તે જોતા આગામી દિવસોમાં કોરોના વાયરસનું સંક્રમણ રોકેટ ગતિએ વધે તેવી સંભાવના છે. ત્યારે ખાસ કરીને મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારમાં કોરોના વાયરસે માથુ ઉચક્યું છે તેમજ શહેરના માલપુર, મેઘરજ રોડ, સહયોગ ચોકડી નજીક પણ કોરોનાના કેસ બહાર આવતા લોકોએ સ્વયંમ જાગૃત અને સતર્ક બનવું પડશે. લોકોએ કામ સિવાય બહાર નીકળવાનું અને રહેણાંક વિસ્તારોમાં ટોળેવળી ગપ્પા મારવાનું છોડવું પડશે નહિ તો આગામી દિવસોમાં કોરોનાનો અજગરી શકંજો ભીડાય તો નવાઈ નહિ..!!

# ગાયને કતલખાને લઈ જવા આરઆરસેલના પોલીસકર્મીના પીકપડાલાનો ઉપયોગ થતો હતો..!!

### ડેમાઈ જિલ્લા પંચાયત સદસ્યનો આક્ષેપ

પોલીસતંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મીઓ



ખાખીને દાગ લગાડી રહ્યા છે. ખાખીની આડમાં ગેરકાયદેસર પ્રવૃતિઓમાં અનેકવાર પોલીસતંત્રના અધિકારીઓ અને કર્મીઓની સંડોવણી હોવાની બૂમો છાસવારે ઉઠી રહી છે. ત્યારે અરવલ્લી બાયડ તાલુકાની ડેમાઈ જીલ્લા પંચાયત સીટના કોંગ્રેસના સદસ્ય કીર્તિ પટેલે અને ગામના યુવાનોએ પીકઅપ ડાલામાં બાંધી રાખેલ ગાય સાથે પીકપડાલાને ઝડપી લીધું હતું અને ફેસબુક લાઈવ કરી પીકપડાલુ ગાંધીનગર આર.આર.સેલમાં ફરજ બજાવતા ઈમરાનભાઈ નામના પોલીસકર્મીનું હોવાનું અને તેમની સંડોવણી હોય તો તેમની સામે જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી. પીકઅપ ડાલા સાથે પકડાયેલ શખ્સોને બાયડ પોલીસ સ્ટેશને લઈ જવાતા બાયડ તાલુકાના ભાજપના અગ્રણી આરોપીઓને છોડાવવા પોલીસ સ્ટેશન પહોંચતા જીવદયાપ્રેમીઓમાં નેતા સામે ભારે રોષ જોવા મળ્યો હતો, બીજી બાજુ બાયડ પોલીસ સ્ટેશનમાં પીકઅપ ડાલામાં રહેલી ગાય અંગે કોઈ ગુન્હો નોંધાયો નથી, પીકઅપ ડાલાના ડ્રાઈવર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધાયો હોવાનું ફરજ પરના પીએસઓએ જણાવ્યું હતું.

અરવલ્લી જીલ્લામાં ગેરકાયદેસર કતલખાનાં ધમધમી રહ્યા છે જેમાં ગૌવંશની મોટા પ્રમાણમાં હત્યા કરી તેના માંસને અમદાવાદ વિવિધ વાહનો મારફતે ઠાલવવામાં આવી રહ્યું છે. જીલ્લામાં કસાઈઓ પોલીસતંત્રની ઢીલી નીતિના પગલે બિંદાસ્ત વાહનોમાં ગૌવંશ અને અન્ય પશુઓની મોટા પ્રમાણમાં કતલખાને પહોંચાડવા ગેરકાયદેસર હેરાફેરી કરી રહ્યા છે.



બાયડ તાલુકાની ડેમાઈ જિલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલ અને યુવાનોએ ડેમાઈ નજીકથી શનિવાર રાત્રે કપડવંજ તરફથી પીકઅપ ડાલામાં ગાય ભરીને પસાર થતું અટકાવ્યુ હતું. કીર્તિ પટેલે ફેસબુક લાઈવ કરી પીકપડાલા કોનું છે અંગે ડ્રાઈવરની પૂછપરછ કરી ઓર્ડર નંબર માંગતા પીકઅપ ડાલુ આર.આર.સેલ ગાંધીનગરમાં ફરજ બજાવતા ઈમરાનભાઈ ખોખર નામના કર્મચારીનું હોવાનું અને આ અંગે કીર્તિ પટેલે ઈમરાન ખોખર સાથે વાત કરતાં તેમને પીકઅપ ડાલુ ભાડે આપેલ હોવાનું જણાવ્યું હોવા અંગે રેકોર્ડિંગ પણ તેમની પાસે હોવાનું એફબી લાઈવમાં જણાવ્યું હતું. પોલીસ જ પોલીસ કર્મચારીને છાવરતી હોવાની અને ઈમરાન નામના પોલીસકર્મી સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરતાં પોલીસતંત્રમાં ખળભળાટ મચી ગયો છે ગૌવંશને ગેરકાયદેસર કતલખાને ધકેલવાનું મોટું કૌભાંડ ચાલતું હોવાનું અને આની સાચી દિશામાં તપાસ થાય તો મોટા રેકેટનો પર્દાફાશ થઈ શકે છે તેમ જણાવ્યું હતું.

## ખેડબ્રહ્મા હરણાવ નદીનાં પુલ નીચે વરલી મટકાનો જુગાર રમાડતો ઈસમ ઝડપાયો

ખેડબ્રહ્મામાં હરણાવ નદીના પટમાં પુલ નીચે એક ઈસમ વરલી મટકાનો જુગાર રમડતો હોવાની બાતમી આધારે પોલિસે એક ઈસમને ઝડપી પાડ્યો હતો.

હરણાવ નદીમાં પુલ નીચે કેટલાક ઈસમો વરલી મટકાનો જુગાર રમી રહ્યા છે તેથી પોલિસે પુલ નીચે તપાસ કરતા કેટલાક લોકો એક ઈસમને કંઈક લખાવી રહ્યા છે જ્યારે રાધિવાડનો દિલીપસિંહ જોરાવરસિંહ રહેવર નાની ડાયરીમાં કાંઈક લખી રહ્યો હતો. પોલીસને જોતા આ લોકો ભાગવા જતા દિલીપસિંહ જડપાઈ ગયો હતો જેની તપાસ કરતા ૧૨૦ રૂપિયા રોકડા અને નાની ડાયરીમા આંકડા લખેલ મલી આવેલ જેથી પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

## ખેડબ્રહ્મા કોલેજમાં વિદાય સમારંભ યોજાયો

ખેડબ્રહ્માની ડિડી ઠાકર આર્ટસ અને કેજે પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો. કે. એન. બ્લોચ અને અર્થશાસ્ત્ર વિભાગના ડો. એ. બી. બ્રહ્મભટ્ટ વય નિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ કોરોના મહામારીનો કારણે સોશ્યલ ડિસ્ટ્સન્ટ સાથે યોજાયો હતો. આ સમારંભમાં અરવલ્લી વિદ્યાભાવન ટ્રસ્ટના ઉપાધ્યક્ષ જસુભાઈ જે પટેલ, હરિહર પાઠક, રતિલાલ જાની, કીર્તિકુમાર જોશી ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે આશાવર્કર બહેનોનું સન્માન કરાયું

### કોરોના વોરીયર્સ તરીકેની બેસ્ટ કામગીરીને લઈને સન્માન : પ્રમાણપત્ર, માસ્ક આપી સન્માન કરવામાં આવ્યું : સર્ગભા બહેનોનું ફ્રી નિદાન ચેકઅપ કાર્યક્રમ પણ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આશા વર્કર બહેનોનું પ્રમાણપત્ર-માસ્ક આપી સન્માન કરવામાં આવ્યું હતુ. સર્ગભા બહેનોનું ફ્રી નિદાન ચેકઅપ કાર્યક્રમ પણ યોજાયો હતો.

પ્રાંતિજ ખાતે સેવાભાવી સંસ્થા તરીકે કાર્યરત જાયન્ટ ગૃપ ઓફ પ્રાંતિજ તથા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજ દ્વારા કોરોના વોરીયર્સમાં પ્રાંતિજ ખાતે મુખ્ય ભુમિકામાં રહેલ આશા બેહનોનું સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં આશાવર્કર તરીકે ફરજ બજાવતી આશાવર્કર બહેનોનું પ્રાંતિજ ખાતે આવેલ ગાયત્રી હોસ્પિટલ ખાતે સન્માન કાર્યક્રમ યોજાયો હતો જેમાં જાયન્ટ ગૃપ ઓફ પ્રાંતિજ તથા મંગલોદય સેવા પ્રતિષ્ઠા દ્વારા પ્રાંતિજ ખાતે આશા વર્કર બહેનો તરીકે ફરજ બજાવતી તમામે તમામ બહેનોને સન્માન પત્ર અને



માસ્ક આપી સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા આશાવર્કર બહેનોનું સન્માન કરવામાં આવતાં આશાબેહનોના ચહેરા ઉપર સ્મિત જોવા મળી હતી. જાયન્ટ ગૃપ ઓફ પ્રાંતિજ તથા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન સંસ્થા દ્વારા ખરેખર કોરોના વોરીયર્સ તરીકે કામ કરતી આશા બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાયત્રી હોસ્પિટલ ખાતે સર્ગભા બહેનોનું ફ્રી નિદાન ચેકઅપ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો જેમાં સર્ગભા બહેનોએ લાભ લીધો હતો. આ પ્રસંગે પ્રાંતિજ જાયન્ટ સ્થાપક ડૉકટર એન.કે. ડેરિયા, મહંત સુનીલદાસજી મહારાજ, ડૉકટર અર્પિતાબેન પટેલ, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, અનુજભાઈ પટેલ, હરેશભાઈ બારોટ સહિત જાયન્ટ ગ્રુપના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# બ્રહ્મ સમાજમાં મૃત્યુ પાછળ સમૂહ ભોજનને સંપૂર્ણ પણે બંધ કરવા સમાજના અગ્રણીઓની અપીલ

સમસ્ત બ્રહ્મસમાજ બનાસકાંઠા દ્વારા સમાજમાં ચાલતા મૃત્યુ બાદ સમુહભોજના રિવાજને સંપૂર્ણપણે બંધ કરવા સમાજના અલગ અલગ ગોળના ૪૪ અગ્રણીઓ સાથે થયેલી ચર્ચા વિચારણા બાદ બુધવારે પાલનપુર ખાતે સમાજના આગેવાનોએ સમાજમાં કુરીવાજો બંધ કરવા સમાજના લોકોને આહવાન કર્યું છે.

બનાસકાંઠા જિલ્લામાં બ્રહ્મ સમાજ માં કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય તો તેના ગોળમા ચાલતા રિવાજ મુજબ સમાજના લોકોને ભોજન કરાવવા માં આવતું હોવાનો રિવાજો છે. કુરિવાજો ડામવા સમાજના અલગ અલગ ગોળના સામાજિક તેમજ રાજકીય ૪૪ જેટલા આગેવાનોએ ચર્ચા વિચારણા બાદ બુધવારે પાલનપુરમાં સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાત રાજ્ય પાલનપુર શહેરના યુવા પ્રમુખ ધવલ મહાશંકરભાઈ જોષી સહિતના અગ્રણીઓએ સમાજમાં ચાલતા કેટલાક કુરિવાજો જેવા કે મરણ બાદ સમૂહ ભોજન-રિવાજમાં સમાજના નાના માણસને પરિવારના વ્યક્તિના મોતની દુઃખની ઘડી એ સમાજને સમૂહ ભોજ આપવુ આર્થિક રીતે એક સંકટ સમાન બને છે. ત્યારે આવા કુરિવાજોને સમાજમાંથી દૂર કરી પરિવારના વ્યક્તિના મૃત્યુ બાદ નજીકના મંદિરમાં પૂજા અર્ચના કરતા કે કુળના ગોર મહારાજને દાન કરવા સમાજના લોકોને આહવાન કરવા માં આવ્યું છે.